હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૭૮, વર્ષ : ૩૭, અંક : ૦૭
૦૧–એપ્રિલ, ૨૦૨૬

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited “B” 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

विजेतव्या लङ्का चरणतरणीयो जलनिधिः विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः।
तथाप्येको रामः सकलमवधीद्राक्षसकुलं क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे॥

**સુભાષિતરત્નભણ્ડાગરમ, સજ્જનપ્રાશા, ૨૫૦**

લંકાને જીતવા માટે, શ્રી રામને સમુદ્ર પાર કરવો પડ્યો. રાવણ શક્તિશાળી હતો; અને શ્રી રામની સેના વાનરોની હતી (બધી શક્યતાઓ શ્રી રામની વિરુદ્ધ હતી). તેમ છતાં, રામે બધા રાક્ષસોનો વધ કર્યો. વ્યક્તિની સફળતા ફક્ત તેમની પોતાની ક્ષમતાઓ પર આધાર રાખે છે.

आनृशंस्यमनुक्रोशः श्रुतं शीलं दमः शमः।
राघवं शोभयन्त्येते षड्गुणाः पुरुषोत्तमम्॥

**રામાયણ અયોધ્યાકાંડ ૨.૩૩.૧૨**

અહિંસા, દયા, વેદોનું જ્ઞાન, સૌમ્યતા, આત્મનિયંત્રણ અને શાંત મન, આ છ ગુણો રાઘવ (મર્યાદા પુરુષોત્તમ) ને શોભે છે.

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

ચૈત્ર સુદ એકમ એટલે વર્ષ પ્રતિપ્રદા. ભારતીય સંસ્કૃતિના અત્યંત પવિત્ર અને હિન્દુ નવુ વર્ષ ચૈત્ર મહિનાની શુકલપક્ષની પ્રતિપ્રદા જેના દિવસે બ્રહ્માજીએ સૃષ્ટિની રચના કરેલ. આ દિવસ માત્ર એક તહેવાર નથી, પણ પ્રકૃતિ અને સંસ્કૃતિના નવા અધ્યાયની શરૂઆત છે.

હિન્દુ નવુ વર્ષ નવસંવત્સર,ગુડી પડવા, ચેટીચાંદ જેવા નામોથી ઉજવવામાં આવે છે. હિન્દુ નવા વર્ષને જુદા જુદા રાજ્યોમાં જુદા જુદા નામોથી ઉજવવામાં આવે છે. સિંધી સમાજના લોકો આ દિવસને ચેટીચાંદ,મહારાષ્ટ્રમાં મરાઠી નવા વર્ષને ગુડી પડવો, કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં ઉગાડી, ગોવા અને કેરળમાં કોંકણી સમુદાયના લોકો સંવત્સરને પડવોના નામથી ઉજવે છે કાશ્મીરી નવા વર્ષ તરીકે નવરેહ અને મણિપુરમાં સાજીબુ નોંગમા પાનબાના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે.

ભારતીય વૈજ્ઞાનિક કાલગણનામાં જેટલા સંવત છે તે તમામ સંવતોનો પ્રારંભ ચૈત્ર મહિનાના શુકલ પ્રતિપ્રદાના દિવસથી થાય છે. ગ્રેગોરિયન કેલેન્ડર અને હિન્દુ કેલેન્ડર વચ્ચે ૫૭ વર્ષનો તફાવત છે. ભારતીય કાલગણના એ વૈજ્ઞાનિક કાલગણના છે જે સૂર્ય અને ચંદ્ર વર્ષ ઉપર આધારિત છે. સૂર્ય વર્ષમાં આકાશમાં ૨૭ નક્ષત્ર અને ૧૦૮ પાદ હોય જે ૯–૯ પાદ મળીને ૧૨ રાશિઓની આકૃતિ બનાવે છે. સૂર્ય જે રાશિમાં પ્રવેશ કરે તેને સૌર માસ તરીકે તેવી જ રીતે ચંદ્ર વર્ષ એટલે ચંદ્ર પૃથ્વીનું પરિભ્રમણ કરે જે સામાન્ય રીતે ચંદ્રમાસ કહેવાય. તેના આધારે જે રીતે ચંદ્ર ગતિ કરે તે ૧૨ મહિનામાં અનુક્રમે ચિત્રા, વિશાખા,




જયેષ્ઠા, આશ્લેષા, આર્દ્રા, ભાદ્રપદ, અશ્વિની, કાર્તિક, માગશીરા, પુષ્ય, મઘા, અને ફાલ્ગુની નક્ષત્રોની પૂર્ણતા પ્રાપ્ત કરે છે. એટલા માટે ચંદ્ર વર્ષના મહિનાઓના નામ ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો, પોષ, મહા, ફાગણ છે. ચંદ્રમા ઘટતો જાય તે કૃષ્ણપક્ષ અને ચંદ્રમા વધતો જાય તેને શુકલપક્ષ તરીકે ગણના થાય છે.ચંદ્રમાની ગતિમાં વધ ઘટ થતી રહે છે અને તેના કારણે પ્રત્યેક ત્રણ વર્ષમાં અધિકમાસ આવે છે. એટલે જ તો ભારતીય કાલગણના ગ્રહો નક્ષત્રો ઉપર આધારિત અને પૂર્ણ રીતે વૈજ્ઞાનિક પધ્ધતિ છે. મહાન ગણિતશાસ્ત્રી ભાસ્કરાચાર્યએ ૧૪૦૦ વર્ષ પહેલા લખેલા ગ્રંથમાં ભારતીય કાલગણનાનું વિવેચન કરેલ છે. વૈવસ્વત મનવંતરના ૭૧ ચર્તુયુગમાંથી ૨૮ પૂર્ણ અને ૨૯મા ચર્તુયુગમાં સતયુગ, ત્રેતા, દ્વાપરયુગ વીતી ચૂકયા છે અને કળીયુગનું ૫૧૨૭મું વર્ષ શરૂથયુ છે.

વિક્રમ સંવત, યુધિષ્ઠિર સંવત, શક સંવત આ બધા ભારતીય

સંવતનો આરંભ વર્ષ પ્રતિપ્રદાના દિવસથી થાય છે. આ દિવસે ભગવાન રામનો રાજ્યાભિષેક, રાજા વિક્રમાદિત્ય દ્વારા શકો ઉપર વિજય પ્રાપ્ત કર્યો તે દિવસ અને તેના ઉપલક્ષમાં વિક્રમ સંવતની શરૂઆત થઈ, મહર્ષિ દયાનંદ સરસ્વતી દ્વારા આર્ય સમાજની સ્થાપના, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડો. હેગગેવારજીનો જન્મદિવસ, વરુણઅવતાર સંત ઝૂલેલાલજીનો જન્મદિવસ વગેરે. હિન્દુ પંચાગ મુજબ ચૈત્ર મહિનામાં શુકલ પ્રતિપ્રદાથી નવા વર્ષની શરૂઆત થાય છે, આની પાછળ એક ખાસ કારણ છે કે ચૈત્ર માસ ફાગણ પૂર્ણિમા પછી શરૂ થાય છે પરંતુ તે સમયે કૃષ્ણપક્ષ હોય છે. સનાતન પરંપરા અંધકારથી પ્રકાશ તરફ જવામાં માને છે તેથી ચૈત્ર શુકલ પક્ષની શરૂઆત થાય ત્યારે નવા વર્ષની ઉજવણી કરવામાં આવે છે. વિક્રમ સંવત ૨૦૮૩ હિન્દુ નવવર્ષની સૌને શુભકામનાઓ.

ભગવાન વિષ્ણુના સાતમા અવતાર મર્યાદા પુરુષોત્તમ શ્રી રામનો જન્મ દિવસ રામનવમી. ચૈત્ર માસની શુકલ પક્ષની નવમી તિથિ, પુનર્વસુ નક્ષત્ર અને કર્ક લગ્નમાં અયોધ્યામાં જન્મ લેનાર શ્રી રામ આદર્શ પુત્ર, આદર્શ ભાઈ, આદર્શ પતિ, અને આદર્શ રાજાના પ્રતિક છે. રામનવમી એ ભગવાન શ્રી રામનો જન્મદિવસ જ નથી પરંતુ તે અધર્મ પર ધર્મની જીત અને આદર્શ જીવન જીવવાનો સંદેશ આપે છે. ચૈત્ર નવરાત્રિના નવમા દિવસે રામનવમી ઉજવાય છે. ઘણા લોકો નવ દિવસના ઉપવાસ રાખી આત્મશુદ્ધિ ભકિત, શકિતની આરાધના કરી આધ્યાત્મિક શક્તિ જાગૃત કરતા હોય છે. શ્રી રામનું જીવન આપણને શીખવે છે કે ગમે તેવા કપરા સંજોગોમાં પણ સત્ય અને ધર્મના માર્ગ પર અડગ રહેવું. મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામના જન્મ દિવસની સૌને શુભેચ્છાઓ સાથે જય જય શ્રીરામ.

તા. ૦૧-૦૪-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## કાર્યક્રમ



યુનિવર્સિટીના એમ.એસસી.આઇ.ટી. વિભાગ ખાતે વિવિધ ડે ની ઉજવણીમાં ૧૪ ફેબ્રુઆરીએ દર વર્ષની જેમ વેલેન્ટાઇન દિવસને બ્લેક ડે નિમિત્તે પુલવામા હુમલામાં શહીદ થયેલ વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી રક્તદાન કરવામાં આવ્યું હતું. ધારપુર હોસ્પિટલની મદદથી વિદ્યાર્થીઓ દ્વારા નાગરિક કર્તવ્ય અને સામાજિક સેવાના ભાગરૂપે કુલ ૫૧ બોટલ રક્તદાન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ જતન માટે વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## જાગૃતિ



એસ.કે. કૉલેજ, ઓફ બીઝનેશ મેનેજમેન્ટ ખાતે તા. ૯–૧૨–૨૦૨૫ના રોજ NEP Saarthi અંતર્ગત નવી શિક્ષણનીતિ અંગે જાગૃતિ લાવવા માટે એક સર્જનાત્મક નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલસચિવશ્રી, અધ્યાપકગણ તેમજ ૨૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. NEP કો–ઓર્ડિનેટર ડૉ. સંગીતાબેન શર્મા અને NEP સારથી કો–ઓર્ડિનેટર ડૉ. કવિતા ત્રિવેદી દ્વારા યોગ્ય માર્ગદર્શન અને સુચારુ આયોજન માટે સહકાર સાંપડ્યો હતો.

## સેમિનાર



✲ કમ્પ્યૂટર અને આઇ.ટી. વિભાગ, એચ.એન.જી.યુ., પાટણ ખાતે Global Gateway Immigration દ્વારા વિદેશ અભ્યાસ અંગે માર્ગદર્શક સેમિનાર યોજાયો હતો. લંડન સ્થિત વિદેશી શિક્ષણ સલાહકાર અને વિભાગના પૂર્વ વિદ્યાર્થી M.Sc. in IT (2015) સાથે ૧૧ વર્ષનો કોર્પોરેટ અનુભવ અને ૪ વર્ષનો આંતરરાષ્ટ્રીય શિક્ષણ સલાહકાર તરીકેનો અનુભવ, વિદેશ અભ્યાસના સપના સાકાર કરવા માર્ગદર્શન ધરાવતા ધવલ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. સેમિનારમાં પ્રવેશ પ્રક્રિયા, જરૂરી લાયકાતો, IELTS અને TOEFL જેવી ભાષા પરીક્ષાઓ, વિઝા અરજી પ્રક્રિયા તથા વિદેશમાં અભ્યાસ પછી કારકિર્દી તકો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

ધવલ પટેલે જણાવ્યું કે, 'યોગ્ય તૈયારી અને માર્ગદર્શનથી વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવું માત્ર શક્ય જ નથી પરંતુ કારકિર્દી માટે

નવી દિશાઓ ખોલે છે.' આ કાર્યક્રમ દ્વારા વિભાગના વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય શિક્ષણની તકો અંગે સ્પષ્ટતા મળી અને ભવિષ્ય માટે પ્રેરણાદાયી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.



❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કમ્પ્યૂટર વિભાગ દ્વારા Safer Internet Day અંતર્ગત "Smart Tech, Safe Choices : Exploring the Safe and Responsible Use of AI" વિષય પર Ministry of Electronics & Information Technology (MeitY), Government of India ના સહયોગથી સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં શ્રી નિરજ બલાટ અને શ્રી નિખિલ ચિક્કાર (જિલ્લા માહિતી અધિકારી, NIC પાટણ) દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્ટ (AI) ના વધતા જતાં ઉપયોગની સામે સાવધાની કઈ રીતે રાખવી તેમજ AI Misuse અને Cyber Risks જેમાં Deepfake Videos, Cloned Voices અને AI-Generated Scams વિષે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં વિભાગીય વડા ડૉ. ભાવેશ પટેલ દ્વારા અધિકારીઓનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

## વર્કશોપ



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કમ્પ્યુટર વિભાગ દ્વારા ૦૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ વિભાગની વિદ્યાર્થિનીઓ માટે જાતીય સતામણી નિવારણ (POSH) અધિનિયમ, ૨૦૧૩ પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સંસ્થાઓ અને કાર્યસ્થળોમાં મહિલાઓની સલામતી, આદર અને ગૌરવ વિશે જાગૃતિ લાવવા માટે આ સત્રનું સંચાલન વિભાગીય વડા ડો ભાવેશ પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. રત્ના પટેલ, ડૉ. હિનલ પ્રજાપતિ અને ડૉ. નેહા ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. વક્તાઓએ POSH અધિનિયમ શું છે, તે શા માટે મહત્ત્વપૂર્ણ છે અને તે મહિલાઓને જાતીય સતામણીથી કેવી રીતે રક્ષણ આપે છે તે સમજાવી. જાતીય સતામણીના વિવિધ સ્વરૂપો, તેમના અધિકારો અને જવાબદારીઓ, આંતરિક ફરિયાદ સમિતિ (ICC) ની ભૂમિકા વિશે માહિતી આપવામાં આવી હતી. ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા, સમય મર્યાદા, ગુપ્તતા અને ફરિયાદીને ઉપલબ્ધ સહાય પણ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી હતી. POSH અધિનિયમના તમામ મહત્ત્વપૂર્ણ વિભાગોની ટૂંકમાં ચર્ચા કરવામાં આવી હતી.

# કૉલેજ ન્યુઝ

## અભિયાન




❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ કડીના એન. એસ. એસ. વિભાગ, ઉન્નત ભારત અભિયાન અને અમૃત મંગલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉન્નત ભારત અભિયાન અંતર્ગત દત્તક ગામ નવાપુરા તાલુકો કડીમાં તા. ૨૮-૧-૨૦૨૬ના રોજ અશોક સંસ્કાર મંદિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ. વિભાગની સ્વયંસેવિકા જાનવી ચૌહાણ બાળકોમાં શિક્ષણ દ્વારા સારા સંસ્કારનું સિંચન કરશે. બાળકોને રાષ્ટ્ર પ્રત્યે સેવાભાવના કેળવાય તે માટે રાષ્ટ્રીય ધ્વજનું અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.




❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં એન.એસ.એસ. યુનિટ દ્વારા ઉત્તરાયણ પર્વમાં જનજાગૃતિ અનુસંધાને કરુણા અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી જે સંદર્ભે વિદ્યાર્થીઓ ચાઈના દોરીનો બહિષ્કાર કરે તેમજ પક્ષીઓના બચાવ અર્થે તત્પર અને જાગૃત બને, પશુઓ પ્રત્યે અનુકંપા રાખે તેવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

## ઉજવણી



❊ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં 'કર્તવ્ય બોધ દિવસ'ની ઉજવણી કાર્યક્રમમાં પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરે રાષ્ટ્રીય નેતાઓના બલિદાનોને યાદ કર્યા હતા. મુખ્ય વક્તા અને પાટણ જિલ્લા સંયોજક ડૉ. ભરતભાઈ કાનાબારે ' રાષ્ટ્રીય કર્તવ્ય' વિષય પર સંબોધનમાં આજના સમયમાં કર્તવ્યની અનિવાર્યતા સમજાવી હતી તથા નાગરિક કર્તવ્ય, સામાજિક સમરસતા, પ્રાચીન સાંસ્કૃતિક વારસાની જાળવણી, રાષ્ટ્ર નિર્માણમાં આપણું કર્તવ્ય જેવી બાબતો પર વક્તવ્ય રજૂ કર્યું હતું.



❊ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રજાસત્તાકદિન ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના ટ્રસ્ટીશ્રી કે.કે.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં દેશભક્તિ દાખવતી કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

❊ શ્રીમતી કે.કે. શાહ આટ્ર્સ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરના 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'ની ભવ્ય ઉજવણી પ્રિ.ડૉ. દિનેશકુમાર એસ. ચારણના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૬ એ સ્ટાર્ટઅપ ઈન્ડિયા અભિયાનના ૧૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી આ વર્ષની ઉજવણી 'દાયકાની સફળતા અને ભવિષ્યના રોડમેપ' પર કેન્દ્રિત રહી હતી. કાર્યક્રમમાં અધ્યક્ષે જણાવ્યું હતું કે, ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવે છે જેમાં ૨ લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. તેમણે વિદ્યાર્થીઓને Deep-Tech, AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને Sustainability (ટકાઉ વિકાસ) જેવા ૨૦૨૬ ના લેટેસ્ટ ક્ષેત્રોમાં નવીન વિચારો રજૂ કરવા આહવાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રાજેશ ખાંટ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સરકારના BHASKAR પોર્ટલ અને MAARG મેન્ટરશિપ પ્લેટફોર્મ વિશે માહિતી આપી હતી. જે યુવા સાહસિકોને સીધું માર્ગદર્શન પૂરું પાડે છે. ઉપરાંત તેમણે ૨૦૨૬ના ઉભરતા ટ્રેન્ડસ જેવા કે 'ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાંથી સ્ટાર્ટઅપ્સનો ઉદય' અને 'મહિલા ઉદ્યોગ સાહસિકતા' (૪૮% સ્ટાર્ટઅપ્સમાં મહિલા ડાયરેક્ટર્સ) વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી.



❊ સરકારી વિનયન કૉલેજ, ભાભર અને આનંદ પ્રકાશ વિદ્યાલય, ભાભરના સંયુક્ત ઉપક્રમે તા.૨૬-૦૧-૨૦૨૬ના રોજ આનંદ પ્રકાશ વિદ્યાલય ખાતે ભવ્ય અને ગૌરવસભર ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે સરકારી વિનયન કૉલેજના આચાર્ય ડૉ. વી. ટી. રાવલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના ભાષણમાં રાષ્ટ્રપ્રેમ, શિસ્ત અને જવાબદાર નાગરિકત્વ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે આનંદ પ્રકાશ વિદ્યાલય હોસ્ટેલના ગૃહપતિ તથા આચાર્ય ડી. કે. રાજગોર હાજર રહ્યા હતા. સાથે સાથે સરકારી વિનયન કૉલેજનો સ્ટાફ, આનંદ પ્રકાશ વિદ્યાલયનો સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પ્રભાવશાળી વકતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. જેનાથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રપ્રેમી બની ગયું હતું.



❊ શ્રીમતી આર. આર. એચ પટેલ મહિલા આર્ટસ કૉલેજ, વિજાપુરમાં ૭૭ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આશ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી બી.કે. પટેલ, રાજુભાઈ પટેલ, અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી રાજુભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન સંપન્ન કરવામાં આવ્યું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં તેમણે સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરીને વિદ્યાર્થીની બહેનોને ભારત દેશનું ગૌરવ જળવાઈ રહે, તેમજ આન-બાન અને શાન જળવાય તેવા પ્રયત્નો કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રભક્તિની અભિવ્યક્તિ કરતા ૧૩ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.



⁕ મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી દ્વારા તા. ૨૩–૧–૨૦૨૬ના રોજ વસંતપંચમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દેવી સરસ્વતીનું પૂજન, દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. ડૉ. વંદનાબેન ઠક્કરે પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં વસંતપંચમીનું મહત્વ સમજાવી વસંત પંચમી એટલે પ્રકૃતિ, પરમાત્મા અને પ્રેમનો ત્રિવેણી સંગમ. જ્ઞાન, સંસ્કાર અને જીવનમાં સકારાત્મક વિચારધારાની વાત કરી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને અભ્યાસ સાથે સંસ્કૃતિ અને મૂલ્યો જાળવવા પ્રોત્સાહિત કર્યા હતા.



⁕ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં તા.૨૬–૦૧–૨૦૨૬ ના રોજ ૭૭ માં પ્રજાસત્તાક દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. શામળાજી પ્રદેશ કેળવણી મંડળના મંત્રી દિલીપભાઈ કે કટારાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં દિલીપભાઈ કટારાએ તમામ વીર શહીદોને યાદ કરી તેમના થકી ભારત દેશ સાચા અર્થમાં એક સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ અને લોકશાહી પ્રજાસત્તાક બન્યો છે જેની વાત કરી ઉપસ્થિત સૌને ઉજ્વળ કારકિર્દી બનાવી દેશનું નામ રોશન કરવા આશિર્વચન આપ્યા હતા. સાથે સાથે આર્ટ્સ કૉલેજ, નર્સિંગ કૉલેજ, બી. એડ. કૉલેજ, એસ. આઈ. કૉલેજ અને એમ. એસ. ડબલ્યુ એમ પાંચેય કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિને લગતા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા જેનાથી સંપૂર્ણ માહોલ દેશભક્તિના રંગે રંગાઈ ગયો હતો.



⁕ એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી અને શ્રી નીતિન એન્ડ કૌમુદિની પંડ્યા કેળવણી મંડળ, કડીના સંયુક્ત ઉપક્રમે મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજના યજમાન પદે આયોજિત રાષ્ટ્રીય પર્વ–૨૬મી જાન્યુઆરી વર્ષ ૨૦૨૬ના ૭૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. મંડળના મંત્રી અશ્વિનભાઈ કે. પરીખે ધ્વજ ફરકાવી રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણનું મહત્ત્વ અને શહીદોએ આપેલ બલિદાનને બિરદાવ્યું હતું. એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડીના ઉપપ્રમુખશ્રી ડૉ. રજનીકાન્ત શાહ અને અન્ય કારોબારી સભ્યો તેમજ આ મંડળની વિવિધ શૈક્ષણિક સંસ્થાના આચાર્યશ્રીઓ, શિક્ષકો, અધ્યાપકો તેમજ સ્ટાફ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. જુદી જુદી સંસ્થાના વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો, નૃત્ય રજૂ કરીને વાતાવરણને રાષ્ટ્રીય ભાવનાથી જીવંત બનાવ્યું હતું. આ સાથે દરેક સંસ્થાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમજ અધ્યાપકોએ જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી તેમને મેડલ આપી બિરદાવવામાં આવ્યા હતા.



⁕ મહિલા આર્ટ્સ કૉલેજ, વિદ્યાનગરી હિંમતનગરના યજમાન પદે "પારુલબા ઓડિટોરિયમનું ઉદ્ઘાટન અને મા. ડૉ. ડી.એલ. પટેલ જ્ઞાનસત્ર ૨૦૨૬ સમારોહ તા. ૧૯–૦૧–૨૦૨૬ના રોજ શિક્ષણવિદ અને વિદ્યાનગરીના સ્થાપક ડૉ. ડી. એલ. પટેલના અધ્યક્ષ પદે સંપન્ન થયો. જેમાં ઉદ્ઘાટક પદે રાયગઢ અગ્નિહોત્રાશ્રમના પ્રો.ડૉ. યોગેન્દ્ર અગ્નિહોત્રીજી, બ્રહ્માકુમારી હિંમતનગર સેન્ટરના શોભનાબેન અને મુખ્ય વક્તા પદે રાજયોગ શિક્ષિકા ડૉ. દામિનીબેન, કેળવણી મંડળના ઉપપ્રમુખ, મંડળના હોદ્દેદારો, પારૂલબા પરિવારના સૌ સ્નેહી સભ્યો અને શહેરના શિક્ષણ, સંસ્કાર અને કલા પ્રેમીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો. જ્ઞાન સત્રના મુખ્ય વક્તા ડૉ. દામિનીબેહેને "સંસ્કાર અને મૂલ્યો જીવનની સફળતાનો આધાર" વિષય પર અનેકવિધ ઉદાહરણો સહિત યુવા વિદ્યાર્થીઓને મૂલ્યલક્ષી મનનીય વક્તવ્ય આપ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં ડૉ. ડી. એલ. પટેલ અને મહાનુભાવો એ વર્તમાન પેઢીને મૂલ્ય આધારિત શિક્ષણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ માટે ભાર મૂક્યો હતો.

## એન.એસ.એસ.

⁕ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ વિજાપુરની રાષ્ટ્રીય સેવા યોજનાની વિકસિત ભારત અંતર્ગત જનજાગૃતિ, યુવા વિકાસ અને સ્ત્રી સશક્તિકરણ શિબિર તા. ૧૭–૦૧–૨૦૨૬ થી ૨૩–૦૧–૨૦૨૬ સુધી ગામ : મહાદેવપુરા(ગ), વિજાપુર ખાતે યોજાઇ ગઇ. વાર્ષિક શિબિરમાં દૈનિક શરૂઆત પ્રાતઃ પ્રાર્થના, સમૂહ વ્યાયામ બાદ પ્રભાતફેરી અને ગામ સફાઈનું આયોજન સ્વયંસેવિકાઓ દ્વારા કરવામાં આવતું હતું. શિબિરમાં બપોરના સેશનમાં બૌદ્ધિક વ્યાખ્યાન અંતર્ગત સરકારી જનરલ હોસ્પિટલ, વિજાપુરમાંથી રાજેદ્રકુમાર પટેલ ઉપસ્થિત રહી AIDS ફેલાવવાના

કારણો અને તેનો ફેલાવો રોકવાના ઉપાયો વિષે વ્યાખ્યાન આપ્યું હતું. મધર ડેરી ગાંધીનગરના નિવૃત્ત જનરલ મેનેજર ડૉ. ડી.એસ. પટેલ દ્વારા ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન માટે આદર્શ પશુપાલન અને પ્રાકૃતિક ખેતી ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. રામકૃષ્ણ પરમહંસ કેન્દ્ર વિજાપુરમાંથી સુરેશભાઇ મરાઠાએ સ્વામી વિવેકાનંદના જીવન અને કવન ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. તથા સ્વામીવિવેકાનંદના પુસ્તકોની પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. અંજલી ભાવસારે લીડરશીપ ડેવલપમેન્ટ અને વ્યક્તિત્વ વિકાસ ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. મહિલા કાનુનના કાર્યક્રમમાં લો કૉલેજ હિંમતનગરથી ડૉ.બિનલબેન ઉપસ્થિત રહ્યા હતા, તેઓએ મહિલાઓને પ્રોટેક્ટ કરતા જુદા-જુદા કાયદાઓ તથા કલમો અને સરકારની ઈમરજન્સી સેવાઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. રાત્રિ કાર્યક્રમમાં ગુજરાત સરકારના આત્મા પ્રોજેક્ટ અંતર્ગત વિસનગરથી શ્રી મંજીભાઈ બારોટે સજીવ અને પ્રાકૃતિક ખેતી પર વ્યાખ્યાન આપ્યું હતું. જનજાગૃતિ, સ્ત્રી શિક્ષણ તથા સામાજિક વિકાસમાં સ્ત્રીઓની ભૂમિકા પર વ્યાખ્યાન શ્રી મનુભાઈ ચોક્સીએ આપ્યું હતું. તા. ૨૨-૧-૨૦૨૬ના રોજ મહાદેવપુરા (ગ) ગામના સરદાર ચોકમાં પૂર્ણાહુતિ તથા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કેમ્પસ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત એન.એસ.એસ.ના સ્વયં સેવકોએ સમગ્ર કૉલેજ કેમ્પસની સફાઈ કરીને અન્ય વિદ્યાર્થીનીઓને સ્વચ્છતા જાળવવા માટે પ્રેરિત કર્યા હતાં. કાર્યક્રમ દરમિયાન સ્વયંસેવકોએ પ્લાસ્ટિક મુક્ત અભિયાન પર ભાર મૂક્યો અને પર્યાવરણીય સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવી હતી.



❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા જીરાવાલા પેલેસ મોડાસા ખાતે એન.એન.એસ.ની વાર્ષિક સંગોષ્ઠિ યોજાઇ ગઇ. જેમાં સંસદ સભ્ય શોભનાબેન બારૈયા, હે.ઉ.ગુ. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.સી. પોરિયા, એન.એસ.એસ. કૉ. ઓર્ડિનેટર કમલેશકુમાર ઠક્કર તેમજ એન.એસ.એસ. રીજીયોનલ ડાયરેક્ટર શ્રી કમલકુમાર કર ઉપસ્થિતિ રહ્યા હતાં. આ સંગોષ્ઠિમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન એન.એસ.એસ. અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ એન.એસ.એસ. રીજીયોનલ ડાયરેક્ટરના વરદહસ્તે ડૉ. ગુલામનબી મસુ (ગ્રંથપાલ, એસ.એન.એસ.પી. મહિલા આર્ટ્સ્ કોલેજ, હિંમતનગર)ને એન.એસ.એસ. શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર તરીકે એવોર્ડ આપવામાં આવ્યો.



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે તા. ૦૮-૦૧-૨૦૨૬ના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય બ્રાંચ અને થેલેસેમિયા પ્રિવેન્શન કાર્યક્રમ વિભાગ દ્વારા વિદ્યાર્થીનીઓમાં આરોગ્ય જાગૃતિ ફેલાવવાના હેતુથી થેલેસેમિયા સ્ક્રિનિંગ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ક્રિનિંગ ટેસ્ટમાં કૉલેજની બી.એ. સેમ-૨ની કુલ ૮૯ વિદ્યાર્થિનીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ થેલેસેમિયા જેવી વંશાગત રક્ત બીમારી અંગે જાગૃતિ લાવવી, વિદ્યાર્થિનીઓને થેલેસેમિયાની સમયસર ઓળખ, આરોગ્ય તપાસ અને સમાજમાં તે અંગેની જાગૃતિ લાવવા માટેનો હતો.



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા ઉત્તરાયણ પર્વની ભાવનાને ઉજાગર કરતી માનવસેવા પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ઇરાણા સ્થિત માધુર્ય ભુવન મેન્ટલ રિટાર્ડેડ ચિલ્ડ્રન સ્કુલ ખાતે દાતાશ્રી દ્વારા પ્રાપ્ત થયેલ ગરમ શાલ, ટોપી તથા મોજા માનસિક રીતે વિકલાંગ બાળકોને વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત એન.એસ.એસ. વિભાગ દ્વારા ઉત્તરાયણ પર્વની ખુશી વહેંચવાના હેતુથી પતંગ તથા તલ-સિંગ ચિક્કીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા સેવા ભાવનાથી કરવામાં આવેલ કાર્યથી સમાજમાં માનવતા અને જવાબદારીનું ઉત્તમ ઉદારહણ રજૂ કર્યું હતું.

## કાર્યક્રમ



❊ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં મહિલા સેલ અંતર્ગત કૉલેજના પ્રિ. ડૉ. અજય કે. પટેલના માર્ગદર્શન હેઠળ મહિલા

જાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં મુખ્ય વક્તા તરીકે મોડાસા લૉ કૉલેજના પ્રા. ડૉ. અશોકભાઈ શ્રોફે મહિલાઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા માટે મહિલા શિક્ષણ, આરોગ્ય, આત્મનિર્ભરતા, સામાજિક જાગૃતિ માટે ગુજરાત સરકારની બેટી બચાવો બેટી પઢાવો, કન્યા કેળવણી મહોત્સવ, સ્ત્રીભૃણ હત્યા નિવારણ, સતી પ્રથાનો નિષેધ જેવી વિવિધ યોજનાઓ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત મહિલાઓને પિતાની સંપત્તિમાં સમાન અધિકાર, આર્થિક સ્વાવલંબન તથા કાનૂની અધિકારો, દહેજપ્રથા, છુટાછેડા જેવા વિષયો સદ્રષ્ટાંત સમજાવ્યા હતા. તેમજ કાર્યક્રમમાં ડૉ. એમ.એમ. વ્યાસ અને સ્ટાફની અધ્યાપિકા બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




❋ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ પાલનપુર અને ગુજરાતી વિભાગ અંતર્ગત સ્વ.શ્રી ચિનુભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ પ્રેરિત ઉત્તર ગુજરાત ઉત્તમ ગુજરાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડગામ તાલુકાના કોદરામ ગામના વતની અને ગુજરાતી ગીત, લોકગીત, ભજનો લખનાર કવિ અને ગીતકાર પ્રશાંત કેદાર જાદવ હાજર રહ્યા હતાં. બનાસકાંઠાના લોકલાડીલા કવિ ગીતકાર પ્રશાંત કેદાર જાદવે વિદ્યાર્થીઓને ઉત્તર ગુજરાત ઉત્તમ ગુજરાત વિશે વાત કરી હતી તેમજ સંગીત વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તેમના લોકપ્રિય ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

## સ્પર્ધા



❋ ભારત સરકારના માર્ગદર્શન હેઠળ દર વર્ષે ઉજવાતા સુશાસન સપ્તાહ અંતર્ગત સરકારી વિનયન કૉલેજ, ભાભર ખાતે તા. ૨૬–૧૨–૨૦૨૫ના રોજ કૉલેજ કક્ષાએ કવિ સંમેલન અને કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સુશાસનના મૂલ્યો, લોકશાહી ભાવના, સામાજિક જવાબદારી તથા ભાષા અને સાહિત્ય પ્રત્યે રસ વિકસાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. પ્રિ.ડૉ. વી. ટી. રાવલના અધ્યક્ષસ્થાને સુશાસનના મહત્ત્વ વિષે પ્રેરણાદાયક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સુશાસન માત્ર શાસન વ્યવસ્થા સુધી સીમિત નથી પરંતુ તે નાગરિકોના વિચાર, વર્તન અને જવાબદારી સાથે સંકળાયેલું છે. આ કાર્યક્રમના મુખ્ય વક્તા ગુજરાતીના અધ્યાપક મુકેશભાઈ ચાવડાએ પોતાના વિચારસભર પ્રવચનમાં કાવ્ય અને સાહિત્ય દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં કેવી રીતે મદદ મળે છે તે વિષય પર વિસ્તૃત ચર્ચા કરી હતી. સાથે સાથે તેમણે વિદ્યાર્થીઓને ભાષા પ્રત્યે પ્રેમ, સંવેદનશીલતા અને અભિવ્યક્તિ ક્ષમતા વિકસાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કવિ સંમેલન અને કાવ્યપઠન સ્પર્ધામાં કૉલેજના અનેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સુશાસન, રાષ્ટ્રીય એકતા, સામાજિક જાગૃતિ, નૈતિક મૂલ્યો તથા જીવનના અનુભવોને આધારિત પોતાની કાવ્યરચનાઓ રજૂ કરી હતી.




❋ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર અને કવચ કેન્દ્ર અંતર્ગત પ્રિ.ડૉ. સી.એમ.ઠક્કરના અધ્યક્ષ સ્થાને તેમજ માર્ગદર્શન હેઠળ સાયબર ક્લબ કોઓડીનેટર ડૉ. અંજનાબેન મકવાણા દ્વારા તા. ૧૮–૧૨–૨૦૨૫ ના રોજ સાયબર અવરનેસ અંતર્ગત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીને પ્રમાણપત્ર તેમજ પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. સ્પર્ધામાં ડૉ. કે.ડી. અખાણી, ડૉ. કે.એસ. બારોટ, ડૉ. ટી.ડી. વ્યાસ, જશવંતભાઈ માજીરાણા, રાહુલભાઈ પરમાર, આરતીબેન, ગિરીશભાઈ તેમજ અધ્યાપકોએ સહયોગ આપ્યો હતો.

## સેમિનાર




❋ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, થરામાં વિકાસ સપ્તાહ અંતર્ગત તા.૧૫–૧૦–૨૦૨૫ ના રોજ 'વિકસિત ભારત વિકસિત ગુજરાત' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ. ડી.એસ. ચારણે વિદ્યાર્થીઓને ભારતની વિકાસ યાત્રા વિશે જણાવતા કહ્યું કે, 'વિકસિત ભારત' એ માત્ર આર્થિક સમૃદ્ધિ નહીં પરંતુ શિક્ષણ, આરોગ્ય, નૈતિક મૂલ્યો અને ટેક્નોલોજીકલ પ્રગતિનો સમન્વય છે. મુખ્ય વક્તા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ.રાજેશભાઈ ખાટે

પોતાના પ્રવચનમાં ગુજરાતના વિકાસના વિવિધ માઇલસ્ટોન જેમ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ અને મહિલાઓના સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે ગુજરાત ભારતના વિકાસનું મોડેલ બની ગયું છે અને નવિન ઊર્જા, ડિજિટલ ગવર્નન્સ અને પર્યાવરણ સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં રાજ્ય આગળ વધી રહ્યું છે. સાથે ભારતના ૨૦૪૭ સુધી ના વિકાસ લક્ષ્યો અંગે માહિતી આપી હતી.



❊ એમ. એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર ખાતે પ્લેસમેન્ટ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે એક વિશેષ 'ફ્રી સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય વિષય 'હસતાં રમતા સરકારી નોકરી' રાખવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યશ્રી રમેશકુમાર બી.પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સરકારી નોકરી માટે યોગ્ય દિશા નિર્દેશ આપવાનો હતો. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે યોગ્ય માર્ગદર્શન અને સખત પરિશ્રમ દ્વારા કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે જાણીતા તજજ્ઞ જયેશ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ અને રસપ્રદશૈલીમાં સમજાવ્યું હતું કે તણાવમુક્ત રહીને, એટલે કે 'હસતાં રમતા' સરકારી નોકરીની તૈયારી કેવી રીતે કરવી. તેમણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા માટેની વિવિધ ટેકનિક્સ અને ટિપ્સ વિદ્યાર્થીઓ સાથે શેર કરી હતી.



❊ તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મહિલા આર્ટસ કૉલેજ વિજાપુરમાં ''ભારતીય જ્ઞાન પરંપરા'' વિષય પર એક દિવસીય રાજ્ય કક્ષાનો સેમિનાર યોજાઇ ગયો. જેમાં રાજ્યની વિવિધ યુનિવર્સિટી તથા કોલેજોના અધ્યાપકો, સંશોધકો તથા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. મુખ્ય મહેમાન કુલસચિવ શ્રી ડૉ. રોહિતભાઇ દેસાઇ, પ્રમુખ ટ્રસ્ટી શ્રી અશોકભાઈ પટેલ તથા કી-નોટ સ્પીકર ડૉ. શ્રુતિબહેન કિકાણીના હસ્તે સેમિનારનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ડૉ. શ્રુતિ આણેરાવે ''ક્લાસિકલ ઈન્ડિયન વિઝડમ ફોર ફ્યુચરિસ્ટીક સોસાયટી'' વિષય પર ખુબ રસપ્રદ માહિતી આપી હતી. સંસ્કૃત વિષયના વિદ્વાન ડૉ. રવિન્દ્ર ખાંડવાલાએ ભારતીય ''જ્ઞાન પરંપરામાં ચાર ભાવ સ્તંભોઃ મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષા'' વિષય પર જ્ઞાનસભર ચર્ચા કરી હતી. અંગ્રેજી વિષયના તજજ્ઞ ડૉ. કમલ દવેએ ઓડિયો વિઝ્યુઅલ દ્વારા રસ થિયરી પર પ્રકાશ પાડયો. ગુજરાતી ભાષાના તજજ્ઞ ડૉ. ઉત્પલ પટેલે મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાની ચર્ચા દ્વારા સુંદર માહિતી પીરસી હતી. આચાર્યશ્રી સુરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ અને કે.સી.જી. દ્વારા અનુદાનિત આ સેમિનારના આયોજનમાં કો-ઓર્ડીનેટર ડૉ. જે.એમ. પટેલ, ડૉ. જે.કે. વોરા, તથા સમગ્ર સ્ટાફમિત્રો જોડાયા હતા.



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીના આઇ.ક્યુ.એ.સી. વિભાગ દ્વારા કન્સોર્ટિયમ ઓફ ગુજરાત તથા ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના સહયોગથી તા. ૯ અને ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બે દિવસીય રાષ્ટ્રીય સ્તરના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં હે.ઉ.ગુ. યુનિ.ના કુલપતિશ્રી ડૉ. કે.સી. પોરિયા, ડૉ. પ્રિતીબેન ઓઝા, ડૉ. નમ્રતા ચતુર્વેદી, ડૉ. અન્નુ બિશ્વાસ, ડૉ. જીતેન્દ્ર અહેરકર, ડૉ. રૂચાબેન બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહી રીસર્ચ મેથોડોલોજી વિષય ઉપર વ્યાખ્યાન આપ્યા હતાં. આ સેમિનારમાં સંશોધનની પદ્ધતિઓ તથા નવી શિક્ષણનીતિમાં સંશોધનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. સેમિનારમાં ૪૧૭ જેટલા અધ્યાપકો અને શોધકર્તાઓએ ભાગ લઇને સંશોધન પેપર રજૂ કર્યા હતાં. સમગ્ર સેમિનારનું સંચાલન સેમિનારના કન્વીનર અને આઇ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટર ડૉ. વર્ષાબેન સી. બ્રહ્મભટ્ટે કર્યું હતું.

## સબરસ

શેઠાણી : રામ આ મેથીની ભાજી આટલી મોંઘી કેમ લાવ્યો ?
નોકર : શેઠાણી, એ મેથી નથી, એ 'ડિજિટલ મેથી' છે.
શેઠાણી : એટલે શું?
નોકર : એ ખાધા પછી તમારું વજન ઓછું થશે અને ફોટા સારા આવશે!


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

Editor : Dr. Rajanikant Patel (University Librarian)
Published by : Dr. R.N. Desai, Registrar, H.N.G.U., Patan.

Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/–   કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–